ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં વાદળિયા વાતાવરણ વચ્ચે મચ્છરીયો વરસાદ : નગરજનો બેચેન

### આજે પણ સવારથી વાદળિયું વાતાવરણ યથાવત : સવારે ઝરમર વરસાદ બાદ નગરજનોએ બફારો અનુભવ્યો



ગાંધીનગર તા ૨

શહેરમાં વાદળિયા વાતાવરણ વચ્ચે આજે પણ વરસાદની ગેરહાજરી રહી હતી. સવારે થોડીવાર છાંટણા વરસાવી મેઘરાજા આકાશમાં અદ્રશ્ય થઈ ગયા હતા. મચ્છરીયા વરસાદથી નગરજનો વિચિત્ર મોસમના અહેસાસ સાથે બેચેની અનુભવી રહ્યા છે. કયારેક વરસાદી વાયરાની ઠંડક અને કયારેક બફારાની અસરથી પ્રભાવિત નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. સેકટરોમાં પણ ભીંજારાના માહોલ વચ્ચે વરસાદી સમસ્યાઓથી શહેરીજનો ત્રસ્ત બન્યા છે.

ગાંધીનગરના આકાશમાં છેલ્લા બે દિવસથી મેઘસવારી ગાજે છે. પરંતુ હજુ સુધી મેઘરાજા ધમાકેદાર વરસ્યા નથી. છેલ્લા બે દિવસથી આકાશમાં ગોરંભાયેલા વાદળો વચ્ચે નભનો નઝારો નિખર્યો છે. આજે પણ સવારથી જ વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ દિવસ દરમિયાન છાંટણા વરસાવી વરસાદી વાદળો વિરામ લેતા હજુ સુધી સિઝનનો નોંધપાત્ર વરસાદ થયો નથી. ગઈકાલે પણ હળવા વરસાદી ઝાપટા બાદ વરસાદ અદ્રશ્ય થઈ ગયો હતો. શહેરમાં છેલ્લા બે દિવસથી નિખરેલા વરસાદી નઝારા વચ્ચે ભીંજારાનો માહોલ જોવા મળે છે. સેકટરોમાં પણ કાદવ કિચ્ચડ વચ્ચે મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ વધ્યો છે. વરસાદ આવતો નથી પરંતુ વાદળિયા વાતાવરણ વચ્ચે નગરમાં વરસાદી ઋતુ નિખરી છે. આજે પણ ગઈકાલની જેમ

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૮ માંથી ૨૫ વર્ષીય મહિલાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં એક સપ્તાહ બાદ આજે વધુ એક કોરોનાનો કેસ નોંધાયો છે. ગાંધીનગર શહેરમાં કોરોનાના એક દર્દીને આજે રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરના સે. ૮ માંથી આજે કોરોનાનો કેસ મળી આવેલ છે. મળતી વિગતો પ્રમાણે ૨૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૮ માંથી આજે કેસ મળી આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. તંત્રએ શહેરમાં સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્કના નિયમની અસરકારક અમલવારી થાય તે જોવા પણ સૂચનાઓ આપી છે.

શહેરમાં છેલ્લા બે દિવસમાં બે દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હવે કોરોનાના આજના કેસ સહિત ૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

શહેરમાં સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રના સૂત્રોએ કર્યો છે. જે કેસો મળી આવ્યા છે તે છુટાછવાયા છે પરંતુ તંત્રએ તે ગંભીરતાથી લઈ સઘન સર્વેલન્સ ચાલુ કરી દીધુ હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

દરમ્યાન ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ એકેય કેસ નોંધાયો નથી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા ૨૨ દિવસથી એક પણ કેસ નોંધાયો ન હોવાથી હવે કોરોનામુક્ત ગ્રામ્ય વિસ્તાર જાહેર કરવાની દિશામાં તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.



ગાંધીનગરનું નયનરમ્ય વાતાવરણ પક્ષીઓને આકર્ષી રહ્યુ છે. વરસાદી વાતાવરણને કારણે નાના જીવજંતુઓનો ઉપદ્રવ વધતા આસપાસના વિસ્તારોમાંથી પક્ષીઓ અહીં આવી રહ્યા છે. તેમના માટે તો આ ઋતુ ફૂડ ફેસ્ટીવલ જેવી બની રહી છે. શહેરના ગીચ ઝાડી વિસ્તારમાં આવા પક્ષીઓના ઝુંડ જોવા મળી રહ્યા છે. વિવિધ પ્રકારના પક્ષીઓ શહેરના મહેમાન બની વરસાદી વાતાવરણને માણી રહ્યા હોય તેવુ લાગી રહ્યુ છે.

# સ્વાઈન ફ્લુના કેસો દેખાતાં તંત્ર એલર્ટ મોડ પર

ગાંધીનગર, તા. ૨

કોરોનાના સંક્રમણ બાદ ગાંધીનગરમાં હવે સ્વાઈન ફ્લુના કેસોએ દેખા દીધી છે. સ્વાઈન ફ્લુના કેસો મળતાં તંત્ર પણ એલર્ટ મોડ પર આવી ગયુ છે.

મળતી વિગતો પ્રમાણે તાજેતરમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ગાયનેક વોર્ડમાં એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ જણાતાં તંત્રએ તાત્કાલિક આ મહિલાને હોસ્પિટલમાં ખસેડી અને તેની સઘન સારવાર શરૂ કરી હતી. જો કે મહિલા રિકવર થઈ જતાં તેણીનીને રજા પણ આપી દેવામાં આવી છે.

આ ઉપરાંત થોડા દિવસ અગાઉ કલોલના સાંતેજમાંથી પણ એક કેસ મળી આવ્યો હતો. આ દર્દીને સોલા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

શહેરની એક ખાનગી હોસ્પિટલમાં પણ સ્વાઈન ફ્લુના શંકાસ્પદ દર્દીને સારવાર આપવામાં આવી હતી અને તે રિકવર થતાં તેને પણ રજા આપવામાં આવી હતી તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોને લઈ તંત્ર પણ એલર્ટ મોડ પર આવી ગયુ છે અને આ બાબતે દરેક મેડિકલ ઓફિસરને સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવાની સૂચના આપવામાં આપી હોવાનું જાણવા મળેલ છે.

# ગુણવત્તાસભર કામગીરી સાથે લક્ષ્યાંક સિદ્ધિ થવી જોઈએ : સુરભિ ગૌત્તમ

### મનરેગાની નબળી કામગીરી અંગે જિલ્લા વિકાસ અધિકારીએ ઝડપથી ગુણવત્તાસભર કામગીરીનો અનુરોધ કર્યો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની ગર્વનીંગ બોડીની જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમના અધ્યક્ષસ્થાને મળેલ બેઠકમાં કામગીરીને ગુણવત્તાસભર બનાવી તેની સમય-મર્યાદામાં તે પૂર્ણ થાય તે માટે તાકીદ કરવામાં આવી હતી.

આજે મળેલ બેઠકમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંગે ગામેગામ બેઠકો યોજી અને લાભાર્થીઓ સાથે સંવાદ યોજી રજીસ્ટ્રેશન સહિતની કામગીરી હાથ ધરવામાં આવે તેમ જણાવાયુ હતુ.

મનરેગામાં ચાલી રહેલી નબળી કામગીરી અંગે જિલ્લા વિકાસ અધિકારીએ લાઈન ડિપાર્ટમેન્ટો સાથે સુયોગ્ય સંકલન સાધી અને ઝડપથી ગુણવત્તાસભર કામગીરી હાથ ધરવામાં આવે તેમજ લક્ષ્યાંક સિદ્ધિ પ્રાપ્ત થાય તેના પર ભાર મુકવામાં આવ્યો હતો.

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જાહેર શૌચાલયો બનાવવાની ધીમી કામગીરી અંગે અધ્યક્ષ સુશ્રી સુરભિ ગૌત્તમે નારાજગી વ્યકત કરી હતી. વ્યક્તીગત શૌચાલયો બનાવવાની કામગીરીમાં પણ ગતિ આવે તેમજ ઓડીએફનું અસરકારક મોનીટરીંગ થાય તે માટે પણ તેમણે તાકીદ કરી હતી.

તેમણે વિવિધ યોજનાઓ જેવી કે મિયાવાંકી જંગલોના નિર્માણ સહિતની કામગીરીમાં ગતિ લાવવા પર ભાર મુક્યો હતો. તેમણે જિલ્લામાં ગ્રામ વિકાસ સર્વાંગી રીતે થાય તે જરૂરી હોવાનું જણાવ્યુ હતુ અને સાથે સાથે મનરેગા જેવી યોજના થકી રોજગારીની તકો પણ બધાને મળી રહે તે જોવા પર ભાર મુક્યો હતો.

# સિવિલ હોસ્પિટલમાં આખરે મરામતની કામગીરીનું મુહૂર્ત નીકળ્યું

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મરામત માટેનું મુહૂર્ત આખરે મળી ગયુ છે. આજથી હોસ્પિટલમાં મરામતની કામગીરીનો આરંભ થશે.

મળતી વિગતો મુજબ પી.આઈ.યુ.ના ચીફ ઈજનેરની ગઈકાલે મુલાકાત પછી આજે પી.આઈ.યુ.ની વધુ એક ટીમ સિવિલ હોસ્પિટલ ખાતે આવી હતી અને તેણે લિફ્ટ નીચે ભરાતા પાણી, ઓ.ટી.માં લીકેજીસ સહિતના સ્થાનોની મુલાકાત લઈ અને બપોરે બે વાગ્યા સુધી આખા સંકુલમાં ફરી અન્ય પ્રશ્નોને પણ ચકાસ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર



સરદાર વંદના - પ્રદેશ ભાજપની કારોબારી બેઠકના પ્રારંભ પૂર્વે કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંઘ, મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સહિત મંત્રીઓ અને પદાધિકારીઓએ સરદાર પટેલના ચરણોમાં પુષ્પાંજલિ અર્પણ કરી સરદાર વંદના કરી હતી. સરદાર વંદનામાં કેન્દ્રીય મંત્રીઓ ભૂપેન્દ્ર યાદવ અને પુરુષોત્તમ રૂપાલા સહિત નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ પણ જોડાયા હતા...

# શહેરમાં ધો -૬ થી ૮ ના વર્ગોમાં માંડ ૨ થી ૫ ટકા વિદ્યાર્થીઓની હાજરી

### તહેવારો બાદ સોમવારથી વિદ્યાર્થીઓની હાજરી વધશે : સ્કુલ વર્ધીના વાહનો પણ બંધ હોવાથી વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોવાનું શિક્ષકો માની રહ્યા છે

ગાંધીનગર તા ૨

કોરોના કાળમાં લાંબા સમય બાદ તબક્કાવાર શાળાઓમાં વિવિધ ધોરણના વર્ગો શરૂ કરવામાં આવી રહ્યા છે. અગાઉ ધો-૯ થી ૧૨ ના વર્ગો શરૂ કરાયા બાદ કોરોનાની ગાઈડ લાઈનને અનુલક્ષી પુરતી તકેદારી સાથે ધો - ૬ થી ૮ ના વર્ગો પણ આજથી શરૂ કરી દેવાયા છે. પરંતુ આજે પ્રથમ દિવસે નગરની શાળાઓમાં વિદ્યાર્થીઓની માંડ સરેરાશ ૨ થી ૫ ટકા હાજરી જ જોવા મળી હતી. હાલ સ્કુલ વર્ધીના વાહનો પણ દોડતા નથી જયારે તહેવારોના અંતે આગામી સપ્તાહથી વિદ્યાર્થીઓની હાજરી વધશે તેમ પણ શિક્ષકો માની રહ્યા છે.

શહેરની શાળાઓમાં આજથી ધો -૬ થી ૮ માં પ્રત્યક્ષ શિક્ષણ કાર્યનો પ્રારંભ થયો હતો કોરોના કાળમાં લાંબા સમય ગાળા બાદ ધો -૬ થી ૮ માં વર્ગો શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. એકબાજુ કોરોનાનુ સંક્રમણ ઘટયા બાદ પ્રથમ તબક્કામાં શિક્ષણ વિભાગ દ્વારા ધો ૯ થી ૧૨ ના વર્ગો શરૂ કરાયા હતા જો કે પ્રારંભિક તબક્કે આ વર્ગોમાં વિદ્યાર્થીઓની હાજરી અત્યંત પાંખી હોવાનુ સ્પષ્ટ થયુ હતુ.વાલીઓની સંમતિના અંતે વિદ્યાર્થીઓની હાજરી શાળામાં વર્તાતી ન હતી. જો કે સમય જતા હવે ધો - ૯ થી ૧૨ માં નગરની શાળાઓમાં વિદ્યાર્થીઓની ૫૦ ટકા જેટલી હાજરી જોવા મળે છે. બીજીતરફ કોરોના કાળમાં બીજી લહેરના અંતે સંક્રમણ ઘટતા સરકારે ધો -૬ થી ૮ ના વર્ગો શરૂ કરી દેવાની જાહેરાત કરી છે. જેના અંતે આજથી શાળાઓમાં ધો -૬,



૭ અને ધો -૮ ના વિદ્યાર્થીઓ માટે પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય શરૂ કરી દેવાયુ છે. જો કે સાતમ આઠમના તહેવારો બાદ હાલની સ્થિતિએ પરિવારજનો આમ પણ રજાના મુડમાં છે. ત્યારે આગામી સોમવારથી શાળાઓમાં વિદ્યાર્થીઓની પુરતી હાજરી જોવા મળે તેમ પણ શાળા સંચાલકો માની રહ્યા છે. ધો - ૯ થી ૧૨ માં શાળાઓ શરૂ થયા બાદ તબક્કાવાર ધો -૬ થી ૮ માં પણ શિક્ષણ કાર્ય શરૂ કરી દેવાયુ છે. જિલ્લાની ૬૧૫ થી વધુ સરકારી અને ખાનગી શાળાઓમાં

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં ૨૪ કલાકમાં માત્ર ૧૦ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૨

ગુજરાતમાં કોરોના વાયરસના કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં માત્ર ૧૦ નવા કેસ નોંધાયા છે, તો આ દરમિયાન કોઈપણ દર્દીનું મૃત્યુ થયું નથી. છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ દર્દીએ કોરોનાને માત આપી છે. રાજ્યનો રિકવરી રેટ ૯૮.૭૬ ટકાએ પહોંચી ગયો છે. રાજ્યમાં અત્યાર સુધી કોરોનાને કારણે ૧૦ હજાર ૮૧ લોકોના મૃત્યુ થયા છે. તો કોરોનાની સારવાર બાદ ૮ લાખ ૧૫ હજાર ૨૧૩ લોકો સાજા થયા છે. ગુજરાતમાં અત્યાર સુધી કોરોના વાયરસના કુલ ૮ લાખ ૨૫ હજાર ૪૪૫ કેસ નોંધાયા છે. રાજ્યના ૨૮ જિલ્લામાં એકપણ કેસ નોંધાયો નથી. છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા કેસની વાત કરવામાં આવે તો સુરત શહેરમાં ૩ કેસ નોંધાયા છે. તો વડોદરા જિલ્લામાં ૪ નવા કેસ સામે આવ્યા છે. અમદાવાદ અને ગાંધીનગરમાં પણ એક-એક અને કચ્છમાં ૧ કેસ નોંધાયો છે. રાજ્યમાં એક્ટિવ કેસ ૧૫૧ છે. જેમાં ત્રણ દર્દી વેન્ટિલેટર પર છે. રાજ્યનો રિકવરી રેટ પણ ૯૯ ટકા સુધી પહોંચી ગયો છે.

એક્સપર્ટ વોટર પ્રુફીંગ
બિલ્ડીંગની છત, સીલીંગ, દિવાલ, પાણી લીકેજ, સ્વીમીંગ પુલ, ભેજ દુર કરવા, ગેરેન્ટેડ વોટર પ્રુફીંગ માટે મળો
99256 13774

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com